બ્લૂમબર્ગે અમેરિકાના એક સીનિયર અધિકારીના હવાલાથી જણાવ્યું કે આ પગલા પાછળ અમેરિકાનો ઈરાદો ભારતને હથિયારો માટે રશિયા પર નિર્ભરતા ઓછી કરવાનો છે. ભારત દુનિયામાં રશિયાના હથિયારોનો સૌથી મોટો ખરીદદાર છે. દુનિયામાં હથિયારોના ખરીદ-વેચાણ પર નજર રાખતી સંસ્થા સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિચર્સ ઈન્સ્ટિટ્યૂટના એક રિપોર્ટ પ્રમાણે છેલ્લા એક દાયકામાં ભારતે રશિયા પાસેથી ૨૫ અબજ ડોલરના સૈન્ય સાધાનો ખરીદ્યા છે. જ્યારે અમેરિકા પાસેથી ૪ અબજ ડોલરના જ હથિયાર ખરીદ્યા છે. પડોશી ચીન અને પાકિસ્તાનના ખતરાને જોતા હથિયાર ખરીદવા ભારતની મજબૂરી છે. ભારતે રશિયા પાસેથી હથિયાર ખરીદવાનું ઓછું કર્યું છે પણ હજુ ભારતના સૈન્ય આયાતનો મોટો ભાગ રશિયાથી આવે છે. યુક્રેન પર હુમલો કરવાને લઈને રશિયા હાલના દિવસોમાં અમેરિકા સહિત પશ્ચિમી દેશોના નિશાને છે. આ બધા દેશોએ તેના પર પ્રતિબંધ મુક્યો છે. જોકે ભારતે અત્યાર સુધી તટસ્થ વલણ અપનાવ્યું છે. અમેરિકાના તમામ પ્રયત્નો છતા ભારત યુક્રેન પર હુમલાને લઈને રશિયાની સીધી ટિકા કરી નથી. રશિયા સાથે સંબંધો તોડવાની તમામ અપીલો છતા ભારતે તેની પાસેથી સસ્તી કિંમતો પર તેલ ખરીદી રહ્યું છે. તેને લઈને અમેરિકા શરૂઆતમાં નારાજ હતું પણ હવે તે ભારતને મોટા સુરક્ષા સહયોગીના રુપમાં લુભાવવા માટે લાગી ગયું છે. અધિકારીના મતે ભારતને સંભવિત સૈન્ય મદદ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેનના એ મોટા પ્લાનનો ભાગ છે જે અંતર્ગત તે ભારતને લાંબા સમય માટે પોતાનો રક્ષા સહયોગી બનાવવા માંગે છે. અમેરિકા દરેક મોરચે ભારતનો વિશ્લસનીય સહયોગી બનવા માંગે છે. અમેરિકા એકલું જ નહીં અન્ય દેશોને પણ ભારતની મદદ માટે મનાવવા લાગ્યું છે. બાઈડેન પ્રશાસન ફ્રાન્સને એ વાત માટે મનાવી રહ્યું છે કે તે ભારતની સૈન્ય જરૂરિયાતને પુરી કરવા માટે કામ કરે. જોકે એ સ્પષ્ટ નથી કે આ સૈન્ય મદદની જાહેરાત ક્યારે થશે અને તેમાં કયા-કયા હથિયારો સામેલ કરવામાં આવશે.ભારતની રશિયા પર હથિયારો માટે નિર્ભરતા ઓછી કરવાની દિશામાં અમેરિકા (જ)એક મોટું પગલું ભરી શકે છે. તે ભારતને ૫૦૦ મિલિયન ડોલર એટલે કે લગભગ ૩૮૦૦ કરોડ રૂપિયાની સૈન્ય સહાયતા આપવા પર વિચાર કરી રહ્યું છે. ઘટનાક્રમની જાણકારી રાખનાર લોકોના હવાલાથી બ્લૂમબર્ગે જણાવ્યું કે આટલી મોટી રકમ આપવા પાછળ અમેરિકાનો ઈરાદો ભારત સાથે પોતાના રક્ષા સંબંધોને મજબૂત કરવાનો છે. જો ભારતને આ રકમ મળે તો તે ઈઝરાયેલ અને ઈજિપ્ત પછી અમેરિકા પાસેથી સૌથી મોટી સૈન્ય સહાયતા મેળવનાર દેશ બની જશે. આ ઘટનાક્રમ એવા સમય સામે આવી છે જ્યારે ભારત અમેરિકાની કથિત નારાજગીને નજર અંદાજ કરી રશિયાની મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ એસ-૪૦૦ને તૈનાત કરવા જઈ રહ્યું છે.

# દિલ્હીના ઉપરાજ્યપાલ અનિલ બૈજલે રાજીનામું આપ્યું

નવીદિલ્હી, દિલ્હીના ઉપ-રાજ્યપાલ અનિલ બૈજલે પોતાના પદેથી રાજીનામુ આપી દીધુ છે. સૂત્રો પ્રમાણે તેમણે અંગત કારણોનો ઉલ્લેખ કરતા પોતાનું રાજીનામુ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને મોકલી આપ્યુ છે. નોંધનીય છે કે પૂર્વ આઈએએસ અધિકારી અનિલ બૈજલને ૩૧ ડિસેમ્બર ૨૦૧૬ના દિલ્હીના ઉપ-રાજ્યપાલ બનાવવામાં આવ્યા હતા. તેમણે નઝીબ જંગનું સ્થાન લીધુ હતું. અટલ બિહારી બાજયેપીના કાર્યકાલમાં બૈજલ મુખ્ય સચિવ રહી ચુક્યા છે. મહત્વનું છે કે ઉપરાજ્યપાલ પદે ૩૦ ડિસેમ્બર ૨૦૨૧ના અનિલ બૈજલનો કાર્યકાળ પૂરો થઈ ગયો હતો પરંતુ તેમને સેવા વિસ્તાર આપવામાં આવ્યો હતો. તેઓ પાંચ વર્ષ સુધી દિલ્હીના ઉપરાજ્યપાલ રહ્યા. અધિકારોને લઈને પણ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને ઉપરાજ્યપાલ વચ્ચે વિવાદ થતો રહ્યો છે.

# દિલ્હી કેપિટલ્સનો ઋષભ પંત સૌથી સફળ કેપ્ટન બન્યો

નવીદિલ્હી, આઈપીએલ ૨૦૨૨ની મેગા હરાજીમાં ઋષભ પંતને દિલ્લી કેપિટલ્સે ૧૬ કરોડ રૂપિયામાં રિટેઈન કર્યો હતો. પંતે છેલ્લી સિઝનમાં પણ ટીમની કમાન સંભાળી હતી. જ્યારે ટીમ પ્લેઓફમાં પહોંચવામાં સફળ રહી હતી. બેટિંગની વાત કરવામાં આવે તો પંતે હાલની સિઝનમાં ૧૩ મેચમાં ૩૦.૧૦ની એવરેજથી ૩૦૧ રન બનાવ્યા છે. પરંતુ તેમાં એકપણ ફિફ્ટી કે સેન્ચુરીનો સમાવેશ થતો નથી.ઈન્ડિયન પ્રીમિયર લીગની હાલની સિઝનમાં દિલ્લી કેપિટલ્સની ટીમ પ્લેઓફની રેસમાં હજુ પણ ટકેલી છે. સોમવારે ડીવાય પાટીલ સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં દિલ્લીએ પંજાબ કિંગ્સને ૧૭ રનથી પરાજય આપ્યો. આ જીતની સાથે ઋષભ પંતની કેપ્ટનશીપવાળી દિલ્લી કેપિટલ્સ પોઈન્ટ ટેબલમાં ચોથા નંબરે આવી ગઈ છે. પંજાબ કિંગ્સ સામે જીત પછી પંતે એક ખાસ રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. પંત હવે જીતની ટકાવારી (મિનિમમ ૧૦ મેચ)ના આધારે દિલ્લી કેપિટલ્સનો સૌથી સફળ કેપ્ટન બની ગયો છે. પંતે આ મામલામાં વીરેન્દ્ર સેહવાગ અને શ્રેયસ અય્યર જેવા ખેલાડીઓને પાછળ મૂકી દીધા છે. પંત અત્યાર સુધી દિલ્લી કેપિટલ્સ માટે ૨૯ મેચમાં કેપ્ટનશીપ કરી ચૂક્યો છે. જેમાંથી ટીમને ૧૬ મેચમાં જીત મળી છે. પંતની જીતની ટકાવારી ૫૬.૮૯ ટકા રહી છે. વીરેન્દ્ર સેહવાગની વાત કરીએ તો તેણે ૫૨ મેચમાં ટીમની કેપ્ટનશીપ કરી હતી. જેમાંથી ૨૮ મેચમાં જીત મળી હતી. તેની કેપ્ટનશીપની ટકાવારી ૫૩.૮૪ ટકા રહી. જ્યારે શ્રેયસ અય્યરે ૪૧ મેચમાં ટીમની કમાન સંભાળી હતી. જેમાં તેને ૨૧ મેચમાં જીતનો સ્વાદ ચાખવા મળ્યો હતો. તેની કેપ્ટનશીપની જીતની ટકાવારી ૫૩.૬૫ ટકા રહી છે.


# આઈપીએલ છોડી કેન વિલિયમસન ન્યુઝીલેન્ડ જવા રવાના

નવીદિલ્હી, આઈપીએલ ૨૦૨૨ સીઝનમાં સનરાઈઝર્સ હૈદરાબાદ ટીમને મોટો આંચકો લાગ્યો છે. સનરાઈઝર્સ હૈદરાબાદના કેપ્ટન કેન વિલિયમસને આઈપીએલ ૨૦૨૨માં મુંબઈ ઈન્ડિયન્સ સામે જીત મેળવ્યા બાદ મોટો નિર્ણય લીધો છે. ન્યૂઝીલેન્ડના કેપ્ટન વિલિયમસન આઈપીએલ ૨૦૨૨ છોડીને વતન રવાના થઈ ગયા છે. વિલિયમસન બીજી વખત પિતા બનવાના છે અને આ માટે તેઓ પત્ની અને પરિવાર સાથે રહેવા માટે ઘરે રવાના થયા છે. સનરાઈઝર્સ હૈદરાબાદે ટ્વિટ કરીને આ જાણકારી આપી છે. જીઈઉઁ ફ્રેન્ચાઈઝીએ કહ્યું કે, અમારો કેપ્ટન કેન વિલિયમસન તેના પરિવારમાં નવા આગમનને આવકારવા ન્યૂઝીલેન્ડ પરત ફર્યો છે. સનરાઈઝર્સ કેમ્પમાં દરેક વ્યક્તિ કેન વિલિયમસન અને તેમની પત્નીને સુરક્ષિત ડિલિવરી અને તમામ ખુશીની શુભેચ્છા પાઠવે છે.

### આંબાના વૃક્ષમાં કલમી આંબો

# કૃષિ પ્રધાન રાઘવજી પટેલ એક પરિપક્વ રાજકારણીની છાપ ધરાવે છે

**એક પ્રધાનની બે વાત**
જિતેન્દ્ર ભટ્ટ



યુવાન વય થીજ રાજકીય આટા-પાટા ખેલીને આજે કૃષિ મંત્રી સુધીની ઊંચાઈ પર પહોંચેલા રાઘવજીભાઈ પટેલમાં આંબાના વૃક્ષના ગુણ સમાયેલા છે. કટાક્ષમાં કલમી આંબો, કહી શકાય કારણ કે રાજકીય ૩ ઘરના પાણી પીધા છે. મૂળ કોંગ્રેસ, રાજપ અને ભાજપ ત્રણે પક્ષમાં રહેલા છે. જેથી સિઝન રાજકારણીનું બિરૂદ પણ મેળવી જાય તેમ છે. સાદગી પૂર્ણ જીવન, કઠારો બિલકુલ નહીં અને જમીન સાથે જોડાયેલ વ્યક્તિ એટલે રાઘવજી સ્વર્ણિમ સંકુલ એકબંધ કામની વ્યસ્તતા વચ્ચે ચાની ચૂસ્કી ભરતાં તેમની સાથે જે વાતચીત થઈ તેના તારવેલા અંશ અત્રે પ્રસ્તુત છેઃ-

રાજકીય કેરીયરમાં તાલુકા યુથ કોંગ્રેસ ધ્રોળ ૧૯૭૫ થી શરૂઆત કરી જામનગર યુથ, પ્રમુખ, થી ૧૯૮૫ કાલાવાડ બેઠક પર થી એમ.એલ.એ.ની શરૂઆત કરી, સુરેશ મહેતા, શંકરસિંહ વાઘેલા, દિલિપ પરીખ ની સરકારમાં મંત્રીનો કારભાર સંભાળેલ. ૨૦૦૨ માં ભાજપના ઉમેદવાર સામે ૨૪૧૪ મતથી પરાજય નો અનુભવ પણ થયો. ૨૦૧૭ વિધાનસભા માં સૌથી વધુ પ્રશ્નો પૂછીને વિશેષતા દર્શાવી ૨૦૧૯માં પેટા ચૂટણીમાં ૫૩૦૦૦ મત મેળવી કાઠું કાઢ્યું રાજકારણની સાથે પટેલ ના વિવિધ મંડળોમાં પણ મહત્વની ભૂમિકા ભજવી કૃષિ મંત્રી સુધી નું સફળતા પૂર્વક સફર કરી છે.

**પ્રશ્ન : તમારા રાજકીય ગુરૂ કોણ ?**
જવાબ : ડાહ્યાભાઈ ભીમાણી પૂર્વ એમ.એલ.એ.

**પ્રશ્નઃ તમારી મહત્વાકાંક્ષા જણાવશો.**
જવાબ : રાજકારણમાં આગળ વધી, વધુને વધુ લોક સેવા, પ્રજાના કામો કરવા છે.

**પ્ર. તમારા જીવનના સુખદ અને દુઃખદ પ્રસંગો જણાવો.**
જ. જ્યારે જ્યારે મને પરાજય મળે ત્યારે દુઃખી થાવ છું અને વિજય થાય (જીતુ ત્યારે) ત્યારે આનંદ થાય છે.

**પ્ર. તમે રાજકારણ માં ખૂબ ફર્યા છો ?**
જ. ભાજપ, રાજપ, કોંગ્રેસે પક્ષની કામગીરીથી વાકેફ છું. પણ મને નરેન્દ્રભાઈ મોદીનું નેતૃત્વ, રાષ્ટ્રભાવ અને જે નેતા દેશ સિવાય કંઈ વિચારતા નથી, આવા મજબૂત નેતા મળવાથી હું જ્યાં હોવ ત્યાંથી તેમના હાથ વધુ મજબૂત કરી શકું તેથી ભાજપમાં પુનઃ પ્રવેશ કર્યો છે, સત્તાધારી પક્ષ સાથે રહેવાથી લોકોપયોગી કાર્ય ઝડપથી રાષ્ટ્રવાદી, શિસ્તબધ્ધ સૈનિક બની ભાજપ ની વિચારસારણી ને વર્યો છું.

**પ્ર. કાર્યકરો કેવા ગમે ?**
જ. કાર્યકરો પાર્ટીની આમન્યા રાખે, નરેન્દ્રભાઈના આશીર્વાદ થી મનગમતું ખાતુ મળવાથી ખેડૂતોને મદદરૂપ થવાનો પ્રયત્ન કરૂ છું. પશુપાલકો, ગાય માતાની સેવા કરી શકું છું તેનો અનહદ આનંદ પણ થાય છે.

**પ્ર. પરિવારની વાત કરશો.**
જ. બે દિકરા છે એક ઘર સંભાળે છે. બીજો જમીન- લે-વેચનું કામ કરે છે. બન્ને ને પરણાવી દીધા છે.મે પણ જ્ઞાતિના રીત રીવાજ મુજબ લગ્ન વડીલોએજ નક્કી કરેલ હતા.

**પ્ર. ઘરે કેવી રીતે સમય આપી ન્યાય આપો છો.**
જ. મારા ઘરનું ધ્યાન મારી પત્ની વિશેષ આપે છે. તેથી હું ધ્યાન આપતો નથી. વિદ્યાર્થી કાળથી જ રાજકારણ માં પડેલો છું.

વ્યક્તિગત કામો કરતાં રાષ્ટ્રને પ્રાધાન્ય આપે અને વિકાસશીલ વિચારસારણી ધરાવતાં કાર્યકરો ગમે છે.

**પ્ર. અંધ શ્રધ્ધા કે ભૂત- પ્રેત માં માનો છો.**
જ. ના બિલ્કુલ નહીં, કર્મ ના સિદ્ધાંતને માનું છું. કરો તેવું ભોગવો, ના સિધ્ધાંતને અનુસરૂ છું. માનવ સેવા એજ મોટો ધર્મ, રાષ્ટ્રભક્તિ જેવી કોઈ ભક્તિ નથી. બીજાને મદદરૂપ થવાની પ્રબળ ઈચ્છા શક્તિ થી પ્રભુ આર્શીવાદ થી આગળ વધુ છું.

**પ્ર. તમારા શોખ ની વાત કરશો.**
જ. વાંચન, ક્રિકેટ મેચ, સારા સિનેમા, સંગીત સાંભળવું, ડાયરો પણ ગમે છે. મોટીવેશનલ પ્રોગ્રામો ટી.વી. માં વધુ જોવાનો પ્રયત્ન કરૂં છું. સિનેમા જુની ગમે છે, દિલીપકુમાર મારી પસંદગીનો કલાકાર બની રહ્યો છે. નવા પિક્ચરમાં સામાજિક સિવાય રસ નથી.

**પ્ર. યુવાનો ને શું કહેશો.**
જ. રાષ્ટ્ર સલામત તો આપણે સલામત, તમામ પ્રવૃત્તિ રાષ્ટ્રની ઉન્નતિ માટે કરી, ધ્યેય સાથે આગળ વધો. બીજાની લીટી ટૂંકી કરવાને બદલે તમારી લીટી લાંબી કરો.

**પ્ર. ભોજન કેવું ભાવે.**
જ. સાદુ, કાઠિયાવાડી અને તેમાંય શાકાહારી ન ભાવતી ચીજમાં જંક ફુડ, હોટેલનું ખાણું પસંદ નથી, ઘરનુંજ અને સીધુ-સાદુ ભોજન.

**પ્રશ્ન : ગુસ્સો આવે છે.**
જ. બ્લડ પ્રેશરનો દર્દી છું. ન ગમતી વસ્તુ થતી હોય તો ગુસ્સો જરૂર આવે છે. ખિજવાથી કે ગુસ્સે થવાથી પ્રોબ્લેમ સોલ્વ નથી થતાં તેથી સમજાવટ થી કામ કરવાના પ્રયત્ન કરૂં છું.

**પ્ર. પ્રાકૃતિક ખેતીની વાત કરશો.**
જ. પ્રાકૃતિક ખેતીને પ્રાધાન્ય આપી ખેડૂતોને પ્રોત્સાહન આપવા, ખર્ચ ઘટાડો કરવા રસાયણ મુક્ત પાકની ઉપજ બમણી થાયે અને જમીનની ફળદ્રુપતા જળવાઈ રહે, ગુણવત્તાયુક્ત ઉત્પાદન થાય, દેશી ગાય આધારિત ખેતી થાય તેવા પ્રયત્નો કરવાં, સાફલ્ય ગાથા, પુસ્તક થી ખેડૂતોને નવો માર્ગ મળશે.

**પ્ર. પશુપાલન અને ગૌસંવર્ધન ની વાત કરશો.**
જ. પશુ માટે આરોગ્ય મેળા કરી લાખો પશુઓને સારવાર આપી, ગૌશાળા પાંજરાપોળ અદ્યતન બનાવી આત્મ- નિર્ભર ગ્રામ યાત્રા આઝાદી કા અમૃત મહોત્સવ માં જોડી દેવાયા.

**પ્ર. રખડતા ઢોર માટે કંઈક કહેશો.**
જ. આ પ્રશ્ન ખૂબજ જટિલ છે. પણ પશુ પાલકોએ જાતે વિચારીને પોતાના ઢોરને સાચવવા જોઈએ. રખડતા ઢોર માટે જે તે સંસ્થા સાચવે તેને રોજના રૂ.૩૦ પશુ દીઠ સહાય આપવાનું સરકાર વિચારી રહી છે.

**પ્ર. કૃષિ ની વાત કરશો.**
જ. હૂં એક ખેડૂત પુત્ર છું. મારૂ હૃદય હમેશ ખેડૂત અને ખેતર માટે ધબકતું રહ્યું છે. દરેક તબક્કે કૃષિ માટે ચિંતન અને મનન થી, રસ્તો કાઢવાનો પ્રયત્ન કરૂં છું.

ખેડૂતનું ધારા હૈયે વસ્યું.
એ હિત કાજ મે આયખુ ઘસ્યુ
આમા મારો ખેતરે વસ્યો,
હાકલ સુંણી હું ખેતરે ધસ્યો.
ખેતરને શેઢે ને ખેતરના ધોરીયામાં,
વાવણીના વારા ને લણણીના ગાડામાં,
ખેતરે ખેતરે મારો માંહ્યલો લહેરાતો.
**બાજરીનાં ડૂંડામાં મારો જીવ હરખાતો.**
લહેરાતા પાક જોઈ હૈયુ હરખાય,
તાતની ખુશીમાં મારૂં મન મલકાય,
સૌના પ્રયાસે કૃષિને આપ્યુ સન્માન,
સૌના સાથે કરશું સૌ વિકાસ પ્રયાણ.
હજીય ખેડવા છે ઘણા સમંદર,
તાતને બનાવવો અમારે સિકંદર....

**નામ : રાઘવજીભાઈ હંસરાજભાઈ પટેલ**
**જન્મ તારીખ : ૫ જૂન, ૧૯૫૮**
**પંચવટી સોસાયટી, ધ્રોળ ( જામનગર)**
**ગાંધીનગર- બંગલા : ૩૭ મંત્રી બંગલો**
**મો. નં. ૯૮૨૫૨૧૩૩૦૨**
**૯૪૨૦૪૧૩૩૦૨**
**ફોન : ૦૨૮૮- ૨૫૫૦૦૨૫.**

# માર્ચમાં ચીનમાં જે પ્લેન ક્રેશ થયું હતુ તે અંગે ચોંકાવનારો ખુલાસો થયો

ચીન, ચીનનું જે પ્લેન ક્રેશ થયું હતું તે ચાઈના ઈસ્ટર્ન ફ્લાઈટ સેંપ૭૩૫ ગ્વાંગઝોઉ પહોંચવાના એક કલાક કરતા પણ ઓછા સમય પહેલા ક્રેશ થઈ ગયું હતું. વિમાન અકસ્માતનો એક વીડિયો પણ તે વખતે વાયરલ થયો હતો. બોઈંગ ૭૩૭-૮૦૦ જેટ ઉડાણ ટ્રેકિંગ સેવા ફ્લાઈટ રડાર દ્વારા નોંધાયેલા આંકડા મુજબ વિમાન ક્રેશ થયું તે પહેલા બે મિનિટ કરતા પણ ઓછા સમયમાં ૨૯,૦૦૦ ફૂટથી નીચે આવી ગયું હતું. માર્ચ મહિનામાં ચીનમાં એક ભીષણ પ્લેન અકસ્માત થયો હતો જેમાં ઈસ્ટર્ન એરલાઈન્સનું એક પ્લેન ક્રેશ થયું અને ૧૩૨ લોકોએ જીવ ગુમાવ્યા. હવે આ વિમાન અકસ્માત અંગે એક ચોંકાવનારો ખુલાસો થયો છે. એક રિપોર્ટમાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે છેલ્લી પળોમાં વિમાનને જાણી જોઈને ઝડપથી નીચે લાવવામાં આવ્યું હોઈ શકે તેવું બની શકે. આ દાવો વિમાનના બ્લેક બોક્સથી મળેલા ડેટાનું વિશ્લેષણ કરનારા અમેરિકી અધિકારીઓ દ્વારા કરાયેલી તપાસના પ્રાથમિક પરિણામોના હવાલે કરાઈ રહ્યો છે. દુર્ઘટનાગ્રસ્ત થયેલું વિમાન કનમિંગથી ગ્વાંગઝોઉ જઈ રહ્યું હતું. અચાનક વુઝોઉમાં ક્રેશ થઈ ગયું. આ ચોંકાવનારા ખુલાસામાં વોલ સ્ટ્રીટ જર્નલે અમેરિકાના અધિકારીઓના હવાલે જણાવ્યું છે કે બ્લેક બોક્સમાં રેકોર્ડ થયેલા ડેટાથી જાણવા મળે છે કે કોકપિટમાં હાજર એક વ્યક્તિને ઈનપુટ અપાયું હતું, જેના પગલે વિમાન અકસ્માત થયો. આ મામલે જાણકારી ધરાવતા એક વ્યક્તિએ નામ ન જણાવવાની શરતે કહ્યું કે વિમાને એ જ કર્યું જે કોકપિટમાં હાજર કોઈ વ્યક્તિએ તેને કરવા માટે કહ્યું હતું. રિપોર્ટ મુજબ જે જાણકારી સામે આવી છે તે પ્રાથમિક હતી અને આ મામલે વધુ માહિતી સામે આવી શકે છે. ત્યારે તે સ્પષ્ટ થશે કે આખરે તે સમયે ખરેખર શું થયું હતું? આ અગાઉ ૨૦ એપ્રિલના રોજ ચીન એવિએશન રેગ્યુલેટરે પ્રાથમિક માહિતી બહાર પાડી હતી જે મુજબ વિમાનમાં કોઈ ખામી સર્જાઈ નહતી. વિમાન ક્રેશ થયું ત્યારે સામાન્ય સ્થિતિમાં હતું. જો કે વિમાન આખરે ક્રેશ કેવી રીતે થઈ ગયું તે અંગે કોઈ માહિતી અપાઈ નહતી. વોલ સ્ટ્રીટ જર્નલે પોતાના સૂત્રોના હવાલે જણાવ્યું છે કે વિમાનમાં કોઈ અન્ય વ્યક્તિ કોકપિટમાં ઘૂસી ગયો હોય અને જાણી જોઈને ક્રેશ કરાવવાનું કારણ બન્યો હોય તે વાતની પણ સંભાવના છે. વિમાન હાઈજેકના અનેક કેસમાં ક્રેશ થયાની ઘટના પણ જોવા મળતી હોય છે. ૧૯૯૯ બાદ પાઈલટો દ્વારા જાણી જોઈને વિમાન ક્રેશ કરાવવાની ઘટના બે વાર સામે આવી છે. આવી ઘટનાઓમાં એક ઘટના એ હતી કે ૧૯૯૯માં ઈજિપ્તએર ફ્લાઈટ ૯૯૦ના કોકપિટમાં રહેલા ફર્સ્ટ ઓફિસરે વિમાનના કેપ્ટન આરામ કરવા ગયા તે સમયે ઓટોપાઈલટ અને એન્જિન બંધ કરી દીધા હતા. વિમાન એટલાન્ટિક મહાસાગરમાં ક્રેશ થઈ ગયું. જેમાં ૨૧૭ લોકો માર્યા ગયા હતા. એ જ પ્રકારે ૨૦૧૫ના માર્ચમાં જર્મનવિંગ ફ્લાઈટ ૯૫૨૫ના ફર્સ્ટ ઓફિસરે કેપ્ટનને કોકપિટ બહાર લોક કરી દીધો હતો અને વિમાન ફ્રાન્સના પહાડો પર ક્રેશ થઈ ગયું હતું. આ દુર્ઘટનામાં ૧૫૦ લોકો માર્યા ગયા હતા.

**MEHTA INTEGRATED FINANCE LIMITED**
**CIN: L65910GJ1985PLC007692**
Regd. Off.: 3, Law Garden Apt. Scheme-1, Opp. Law Garden, Ellisbridge, Ahmedabad-380006
Phone No. 91-79-26565566 website: www.mehtaintegratedfinance.com
Email : mifl_in@yahoo.com

**NOTICE**

In terms of Regulation 29(1) read with Regulation 47 of SEBI (Listing Obligations & Disclosure Requirements) Regulations, 2015, it is hereby notified that meeting of the Board of Directors of the Company is scheduled to be held on Friday, 27th May 2022 inter alia to consider and approve the Audited Financial Results for the quarter and financial year ended on 31st March, 2022.

The said notice may be accessed on the Company's website : www.mehtaintegratedfinance.com and may also be accessed on the website of Stock Exchange at www.bseindia.com

**For Mehta Integrated Finance Limited**
Sd/-
**Kamleshbhai P. Patel**
Company Secretary

**Date:** 19.05.2022
**Place:** Ahmedabad

**MEHTA SECURITIES LIMITED**
**CIN: L67120GJ1994PLC022740**
Regd. Off.: 2, Law Garden Apt. Scheme-1, Opp. Law Garden, Ellisbridge, Ahmedabad-380006
Phone No. 91-79-26561000 website: www.mehtasecurities.com
Email : mehtasec@gmail.com

**NOTICE**

In terms of Regulation 29(1) read with Regulation 47 of SEBI (Listing Obligations & Disclosure Requirements) Regulations, 2015, it is hereby notified that meeting of the Board of Directors of the Company is scheduled to be held on Friday, 27th May 2022 inter- alia to consider and approve the Audited Financial Results for the quarter and financial year ended on 31st March, 2022.

The said notice may be accessed on the Company's website:www.mehtasecurities.com and may also be accessed on the website of Stock Exchange at www.bseindia.com.

**For Mehta Securities Limited**
Sd/-
**Mahesh Motivaras**
Company Secretary

**Date:** 19.05.2022
**Place:** Ahmedabad

**INDOSTAR HOME FINANCE PRIVATE LIMITED**
**Registered Office** : One World Center, Tower 2A, 20th Floor, Jupiter Mills Compound, S B Marg, Mumbai - 400013, India
Email :- contact@indostarcapital.com. CIN Number :- U65990MH2016PTC271587
Contact No.:-Vijay Bhagat – 9016385691
INDOSTAR

**ઈ-હરાજી સહ વેચાણની જાહેર નોટીસ**

દેવાદાર/રો પાસેથી બાકી રકમની વસુલાત માટે સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ ઇન્ડોસ્ટાર હોમ ફાયનાન્સ પ્રાઇવેટ લીમીટેડ ના નીચે સહી કરનાર દ્વારા નીચે જણાવેલ સિક્યોર્ડ મિલકતોનો કબજો લીધા અન્વયે, નીચે જણાવેલ વિગતો મુજબ "જ્યાં છે", "જે છે" અને "જેમ છે" ના ધોરણે ભૌતિક કબજામાં રહેલ નીચે જણાવેલ સ્થાવર મિલકતોની ખરીદી માટે નીચે સહી કરનાર દ્વારા અમારા સેલ્સ એન્ડ માર્કેટીંગ અને ઈ-ઓક્શન સર્વિસ પાર્ટનર, મેસર્સ ઇન્વેન્શન સોલ્યુશન પ્રાઇવેટ લીમીટેડ (ઇન્વેન્ટઓન) ના વેબપોર્ટલ એટલે કે https://auctions.inventon.in માં ઓનલાઇન ઓફરો મંગાવવામાં આવે છે.

| દેવાદારો/ સહ-દેવાદારો/જામીનદારો/ ગીરવેદારોના નામ | કલમ ૧૩ (૨) હેઠળ માંગણા નોટીસની તારીખ અને રકમ | મિલકતની વિગત | રીઝર્વ કિંમત<br>ઇએમડી<br>બીડ વૃદ્ધિની રકમ | ઈ-હરાજીની તારીખ અને રકમ |
|---|---|---|---|---|
| લોન એકાઉન્ટ નં. : LNSUR0HL-01190008994<br>શાખા : સુરત<br>દેવાદાર : મનોજ સિંઘ<br>સહ-દેવાદાર : ફુલબાઇ સિંઘ | રૂ. ૧૩૧૬૪૨/-<br>(રૂપિયા એક લાખ એકત્રીસ હજાર છસ્સો બૈત્તાલીસ પુરા)<br>તારીખ : ૦૯.૧૧.૨૦૨૧ | પ્લોટ નં. ૮૫, ગ્રીન પાર્ક, વિભાગ-૨, શ્રીજી રેસિડેન્સી પાછળ, હલધારુ હાઇ સ્કુલ પાસે, હલધારુ-પરબ રોડ, હલધારુ ગામ, પેટા જિલો-કામરેજ, જિલો-સુરત-૩૯૪૩૧૦. **ચતુઃસીમા** : ઉત્તર : પડખેનો પ્લોટ નં. ૮૪, દક્ષિણ : પડખેનો પ્લોટ નં. ૮૬, પુર્વ : પડખેની સોસાયટીનો રોડ, પશ્ચિમ : પડખેનો પ્લોટ નં. ૩૪ | રૂ. ૧૦,૦૦,૦૦૦/-<br>રૂ. ૧,૦૦,૦૦૦/-<br>રૂ. ૧૦,૦૦૦/- | ૨૩ જુન, ૨૦૨૨<br>સમય : સવારે ૧૦:૩૦ થી ૧૧:૩૦ વાગ્યા સુધી |
| લોન એકાઉન્ટ નં. : LNSUR0HL-04180001399, LNSUR0HL-04180001442<br>શાખા : સુરત<br>દેવાદાર : સતિષ શ્રીરામ<br>સહ-દેવાદાર : આરતી સતિષ | રૂ.૧૦૧૦૬૭૩/-<br>(રૂપિયા દસ લાખ દસ હજાર છસ્સો તૌત્તેર પુરા)<br>તારીખ : ૦૪.૦૧.૨૦૨૨ | પ્લોટ નં. ૧૨૬, યુનિટ-૧, આરાધના ડ્રિમ, ગ્રામ પંચાયત પાસે, સુરત-બારડોલી રોડ, શુભમ રેસિડેન્સી સામે, એરિયા – જોલ્વા, જોલ્વા, સિટી-સુરત-૩૯૪૩૧૦, તાલુકો-પલસાણા, જિલો-સુરત, રાજ્ય-ગુજરાત. **ચતુઃસીમા** : ઉત્તર : પ્લોટ નં. ૧૨૭, દક્ષિણ : પ્લોટ નં. ૧૨૫, પુર્વ : સોસાયટીનો રોડ, પશ્ચિમ : પ્લોટ નં. ૧૭૯. | રૂ. ૯,૪૦,૦૦૦/-<br>રૂ. ૯૪,૦૦૦/-<br>રૂ. ૧૦,૦૦૦/- | ૨૩ જુન, ૨૦૨૨<br>સમય : સવારે ૧૦:૩૦ થી ૧૧:૩૦ વાગ્યા સુધી |
| લોન એકાઉન્ટ નં. : LNSUR0HL-08180004691, LNSUR0HL-08180004692<br>શાખા : સુરત<br>દેવાદાર : કિરણકુમાર સોનાવણે<br>સહ-દેવાદાર : યુવરાજ સોનાવણે | રૂ. ૬૩૩૯૦૫/-<br>(રૂપિયા છ લાખ તૈત્રીસ હજાર નવસો પાંચ પુરા)<br>તારીખ : ૦૪.૦૧.૨૦૨૨ | ફ્લેટ નં. ૨૦૧, શિવાંજલી રેસિડેન્સી, શિવ રેસિડેન્સી ભાગ-૨, મહાદેવ વિલા પાસે, ચાલ્થાણ-તાંતીથૈયા રોડ, ગામ-તાંતીથૈયા, પેટા જિલો-પલસાણા, જિલો-સુરત, ભારત, ગુજરાત, સુરત-૩૯૪૩૦૫. **ચતુઃસીમા** : ઉત્તર : મુખ્ય દરવાજો અને પેસેજ, દક્ષિણ : માર્જીન અને અંદરનો રોડ, પુર્વ : સીડીઓ, પશ્ચિમ : ફ્લેટ નં. ૨. | રૂ. ૭,૧૦,૦૦૦/-<br>રૂ. ૭૧,૦૦૦/-<br>રૂ. ૧૦,૦૦૦/- | ૨૩ જુન, ૨૦૨૨<br>સમય : સવારે ૧૦:૩૦ થી ૧૧:૩૦ વાગ્યા સુધી |
| લોન એકાઉન્ટ નં. : LNSUR0HL-02180000469, LNSUR0HL-02180000571<br>શાખા : સુરત<br>દેવાદાર : શ્રીપ્રકાશ રામઉજાગીર સિંઘ<br>સહ-દેવાદાર : બબલી શ્રીપ્રકાશ સિંઘ | રૂ. ૯૭૪૫૨૫/-<br>(રૂપિયા નવ લાખ ચુમ્મોત્તેર હજાર પાંચસો પચ્ચીસ પુરા)<br>તારીખ : ૦૪.૦૧.૨૦૨૨ | પ્લોટ નં. ૧૪૯, વિભાગ-૧, આરાધના પ્લેટિનિયમ તુલસી પેપર સામે, કારેલી ગામ, જિલો-પલસાણા, ભારત, ગુજરાત, સુરત-૩૯૪૩૧૫. **ચતુઃસીમા** : ઉત્તર : પડખેનો પ્લોટ નં. ૧૪૮, દક્ષિણ : પડખેનો પ્લોટ નં. ૧૫૦, પુર્વ : પડખેની સોસાયટીનો અંદરનો રોડ, પશ્ચિમ : પડખેનો પ્લોટ નં. ૧૩૦ | રૂ. ૯,૨૬,,૦૦૦/-<br>રૂ. ૯૨,૦૦૦/-<br>રૂ. ૧૦,૦૦૦/- | ૨૩ જુન, ૨૦૨૨<br>સમય : સવારે ૧૦:૩૦ થી ૧૧:૩૦ વાગ્યા સુધી |
| લોન એકાઉન્ટ નં. : LNSUR0HL-11180007448, LNSUR0HL-11180007449<br>શાખા : સુરત<br>દેવાદાર : પુષ્પેન્દ્ર પ્રતાપ સિંઘ<br>સહ-દેવાદાર : બિલુદેવી રાજપુત | રૂ. ૩,૭૩,૭૬૮/-<br>(રૂપિયા ત્રણ લાખ તૌત્તેર હજાર સાતસો અડસઠ પુરા)<br>તારીખ : ૦૪.૦૧.૨૦૨૨ | ફ્લેટ નં. ૨૦૪, શ્રી -૨, વલ્લભનગર વારેલી પલસાણા, સુરત, ભારત, ગુજરાત, સુરત-૩૯૪૩૨૭ **ચતુઃસીમા** : ઉત્તર : ફ્લેટ નં. ૨૦૫, દક્ષિણ : લિફ્ટ અને ફ્લેટ નં. ૨૦૩, પશ્ચિમ : મુખ્ય દરવાજો અને પેસેજ, પશ્ચિમ : પડખેની બિલ્ડીંગ. | રૂ. ૫,૩૮,૦૦૦/-<br>રૂ. ૫૩,૦૦૦/-<br>રૂ. ૧૦,૦૦૦/- | ૨૩ જુન, ૨૦૨૨<br>સમય : સવારે ૧૦:૩૦ થી ૧૧:૩૦ વાગ્યા સુધી |
| લોન એકાઉન્ટ નં. : LNSUR0HL-01190008341, LNSUR0HL-01190008342<br>શાખા : સુરત<br>દેવાદાર : નગરાલે હરિષ કૃષ્ણદાસ<br>સહ-દેવાદાર : વૈશાલી હરિષ નાગરાલે | રૂ. ૬,૬૮,૫૧૮/-<br>(રૂપિયા છ લાખ અડસઠ હજાર પાંચસો અઢાર પુરા)<br>તારીખ : ૦૪.૦૧.૨૦૨૨ | ફ્લેટ નં. ડી-૩૦, આંગન ટાઉનશિપ, શિવ શ્લોક રેસિડેન્સી પાસે, તાંતીથૈયા ગામ રોડ, મહાદેવ મંદિર સામે, એરિયા-તાંતીથૈયા, તાંતીથૈયા, સિટી-સુરત વિંગ-ડી, ભારત, ગુજરાત, સુરત-૩૯૪૩૦૫. **ચતુઃસીમા** : ઉત્તર : ફ્લેટ નં. ડી-૩૦૧, દક્ષિણ : ખુલી જગ્યા, પુર્વ : ખુલી જગ્યા, પુર્વ : ખુલી જગ્યા, પશ્ચિમ : પેસેજ અને ફ્લેટ નં. ડી-૩૦૩ | રૂ. ૬,૮૯,૦૦૦/-<br>રૂ. ૬૮,૦૦૦/-<br>રૂ. ૧૦,૦૦૦/- | ૨૩ જુન, ૨૦૨૨<br>સમય : સવારે ૧૦:૩૦ થી ૧૧:૩૦ વાગ્યા સુધી |

**ઈ-હરાજીની શરતો અને નિયમો:**

૧. હરાજી બીડ દસ્તાવેજોની અન્ય શરતો અને તેમાં જણાવેલ પ્રક્રિયા અનુસાર હાથ ધરવામાં આવશે. બીડરો બીડ દસ્તાવેજો, ઈ-હરાજી માટે મુકાયેલ મિલકતની વિગતો અને બીડ માટે ઇન્ડોસ્ટાર હોમ ફાયનાન્સ પ્રાઇવેટ લીમીટેડ (આઇએચએફપીએલ) ની વેબસાઇટ www.indostarhfc.com અને સેલ્સ એન્ડ માર્કેટીંગ અને ઈ-ઓક્શન સર્વિસ પ્રદાતાની વેબસાઇટ https://auctions.inventon.in ઉપર જઇ શકે છે.
૨. તમામ ઇચ્છુક બીડરો /ખરીદારોએ ઉપર જણાવેલ વેબપોર્ટલ https://auctions.inventon.in માં તેમનું નામ રજીસ્ટર કરીને ઉપર જણાવેલ તારીખ અને સમયે ઈ-હરાજીમાં ભાગ લેવા માટે તેમની જાતે વિના મુલ્યે તેમના યુઝર આઇડી અને પાસવર્ડ બનાવી લેવા જરૂરી છે.
૩. કોઇપણ પુછપરછ, મિલકતની માહિતી અને નિરિક્ષણ, સહાય, પ્રક્રિયા અને ઈ-હરાજી પર ઓનલાઇન તાલીમ મેળવવા માટે ભાવી બીડરો અમારા સેલ્સ એન્ડ માર્કેટીંગના ક્લાઇન્ટ સર્વિસ ડિલિવરી (સીએસડી) ડિપાર્ટમેન્ટ અને ઈ-હરાજી ભાગીદાર ઇન્વેન્ટન સોલ્યુશન્સ પ્રા.લી. નો ટેલિફોન નં. : +૯૧ ૯૧૩૭૧૦૦૦૨૦/૯૦૨૯૦૮૬૩૨૧ અને ઇમેઇલ આઇડી : care@inventon.net અથવા અધિકૃત અધિકારી શ્રી વિજ્ય ભગત- ૯૦૧૬૩૮૫૬૯૧ નો સંપર્ક કરી શકે છે.
૪. અધિકૃત અધિકારીની શ્રેષ્ઠ જાણકારી અને માહીતી હેઠળ, મિલકત/તોમાં કોઇ બોજો નથી, આમ છતાં, રસ ધરાવતા બીડરોએ તેમની બીડ જમા કરતા પહેલા ઈ-હરાજી પર મુકાયેલ મિલકત/તોના ટાઇટલ, બોજા અને મિલકતને અસરકર્તા દાવાઓ/હકો/બાકી રકમ અંગે તેની રીતે સ્વતંત્ર પુછપરછ કરી લેવી જોઇએ. ઈ-હરાજીની જાહેરાત આઇએચએફપીએલના કોઇપણ નિવેદન અથવા કોઇપણ રજુઆતની પુરક નથી. મિલકત આઇએચએફપીએલના જાણમાં હોય અથવા જાણમાં ન હોય તેવા વર્તમાન અને ભાવી બોજાઓ સાથે વેચવામાં આવી રહી છે. અધિકૃત અધિકારી/ સિક્યોર્ડ લેણદાર કોઇપણ રીતે કોઇપણ ત્રાહીત વ્યક્તિના દાવાઓ/હકો/બાકી રકમ માટે જવાબદાર ગણાશે નહી.
૫. ઈ-હરાજીમાં ભાગ લેવા માટે, રસ ધરાવતા ખરીદારો/બીડરોએ સંપુર્ણ ભરેલ બીડ ફોર્મ (તેમજ જોડાણા) આઇએચએફપીએલ શાખાનું સરનામું: યુનિટ નં. ૩૦૫, કોર્પોરેટ એવન્યુ, ઇ-વિંગ, ૩જો× માળ, અંધેરી -ઘાટકોપર લિંક રોડ, ચકલા, અંધેરી (પુર્વ), મુંબઇ- ૪૦૦૦૯૩ ખાતે ઇન્ડોસ્ટાર હોમ ફાયનાન્સ પ્રાઇવેટ લીમીટેડની તરફેણમાં ડીમાન્ડ ડ્રાફ્ટના માર્ગે અથવા નીચે જણાવેલ એકાઉન્ટ વિગતો: બેંકનું નામ: ઇન્ડસઇન્ડ બેંક લીમીટેડ, નરિમાન પોઇન્ટ, મુંબઇ, બેંક એકાઉન્ટ નં. ૨૫૯૮૯૨૭૭૩૬૮૦, આઇએફએસસી કોડ: INDB000006 માં આરટીજીએસ/એનઇએફટીના માર્ગે ઉપર જણાવેલ સિક્યોર્ડ મિલકતોની વ્યાજ – ફ્રી રીફંડેબલ અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઇએમડી) તેમજ પાનકાર્ડ, આધારકાર્ડ, રહેઠાણના સરનામાંના પુરાવા, કંપનીના કિસ્સામાં બોર્ડ ઠરાવો અને સરનામાના પુરાવા સાથે ૧૮.૦૬.૨૦૨૨ ના રોજ સાંજે ૪.૦૦ વાગ્યા પહેલા જમા કરવાના રહેશે.
૬. મિલકત રીઝર્વ કિંમતથી ઓછી કિંમતે વેચવામાં આવશે નહી. સફળ બીડર/ખરીદારે ઈ-હરાજી પુર્ણ થયાના ૨૪ કલાકની અંદર ઉપર જણાવેલ એકાઉન્ટમાં આરટીજીએસ/એનઇએફટીના માર્ગે તે/તેણી/તેની ઓફરના ૨૫ ટકા (ઇએમડી સહીત) જમા કરવાના રહેશે, જેમાં નિષ્ફળ જતાં આ સફળ બીડરે ભરેલ ઇેમડી જપ્ત કરવામાં આવશે અને વેચાણ રદ થયેલ માનવામાં આવશે.
૭. ઈ-હરાજીમાં સફળ ન થનાર તમામ અન્ય બીડરોની ઇએમડી ઇ-હરાજી પુર્ણ થયાના ૭૨ ચાલુ કલાકોની અંદર આઇએચએફપીએલ દ્વારા પરત કરવામાં આવશે. ઇએમડી પર કોઇ વ્યાજ મળશે નહી.
૮. ખરીદીની રકમની બાકીની રકમ સફળ ખરીદાર/બીડરે અધિકૃત અધિકારી/ સિક્યોર્ડ લેણદાર દ્વારા જણાવેલ સિક્યોર્ડ મિલકતની વેચાણની મંજુરીની તારીખથી પંદર (૧૫) માં દિવસે અથવા એ પહેલા અથવા અધિકૃત અધિકારી દ્વારા તે/તેણીની મરજીથી લેખીતમાં મંજુર કરેલ આવા લંબાવેલ ગાળા દરમિયાન સફળ બીડરે/ખરીદારે ચુકવવાની રહેશે. તેમાં કસુરના કિસ્સામાં, ત્યાં સુધી જમા કરેલ તમામ રકમ જપ્ત કરવામાં આવશે.
૯. સ્થાવરમિલકતના નિરિક્ષણની તારીખ ૩૦.૦૫.૨૦૨૨, ૦૬.૦૬.૨૦૨૨, ૧૩.૦૬.૨૦૨૨ ના રોજ સવારે ૧૧.૩૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા દરમિયાન છે.
૧૦. ઈ-હરાજીના કોઇપણ સ્તરે, અધિકૃત અધિકારી કોઇપણ આગોતરી નોટીસ વગર અને કોઇપણ કારણ જણાવ્યા વગર બીડ/ઓફરનો સ્વીકાર/અસ્વીકાર/ફેરફાર/રદ અથવા ઇ-હરાજી મૌકુફ કરી છે. કોઇપણ બીડર રદ થવાના કિસ્સામાં અધિકૃત અધિકારી ખાનગી સંધિ દ્વારા મિલકતના વેચાણ માટે કોઇપણ રસ ધરાવતા બીડરો અથવા અન્ય વ્યક્તિ સાથે વાટાઘાટો કરી શકે છે.
૧૧. સફળ ખરીદાર/બીડરે લાગુ કાનુની મુજબ મિલકતના તે/તેણી/તેની તરફેણમાં માલિકીફેર/ફેરબદલી માટે ચુકવવાપાત્ર કોઇપણ કાનુની લેણાં, વેરા, સ્ટેમ્પડ્યુટી, રજીસ્ટ્રેશન ફી, વગેરે ભોગવવાના રહેશે.
૧૨ વેચાણ અધિકૃત અધિકારીની મંજુરીને આધિન રહેશે.
૧૩. જણાવેલ બાકી રકમ માટે જવાબદાર દેવાદાર/જામીનદારો ઉપર જણાવનેલ હરાજી વેચાણ યોજવા અંગે સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમોના નિયમ ૮(૬) હેઠળ નોટીસમાં જણાવેલ આ વેચાણ નોટીસ ગણવાની રહેશે.
૧૪. આથી દેવાદાર(રો)/જામીનદાર(રો)ને ઈ-હરાજીની તારીખ પહેલા ઉપર જણાવેલ રકમ પરત ચુકવવા સરફૈસી એક્ટ, ૨૦૦૨ હેઠળ ૩૦ દિવસીય વેચાણ નોટીસ આપવામાં આવે છે, જેમાં નિષ્ફળ જતાં, સ્થાવર મિલકતની હરાજી કરવામાં આવશે અને બાકી રકમ, જો કોઇ હોય તો, વ્યાજ અને ખર્ચ સહીત વસુલવામાં આવશે. જો દેવાદાર આઇએચએફપીએલને વેચાણની તારીખ પહેલા બાકી રકમ ચુકવે છે, તો હરાજી અટકાવાને પાત્ર બનશે.
૧૫. કુલ લોનની બાકી રકમ લોનની ફોરક્લોઝર રકમ નથી. તમામ અન્ય ચાર્જીસ (જો કોઇ હોય તો) લોન બંધ કરતી વખતે ગણવામાં આવશે.
૧૬. આઇએચએફપીએલ ઉપર જણાવેલ મિલકત પર કોઇપણ બાકી ઋણ માટે જવાબદાર નથી. મિલકત "જ્યાં છે", "જે છે" અને "જેમ છે" ના ધોરણે અને કોઇ આશ્રય વિના વેચવામાં આવશે.
૧૭. વેચાણ સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાનિસ્યલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ નિયત નિયમો/શરતો, સમયાનુંસાર કરાયેલ સુધારા મુજબ, ને આધિન રહેશે. વેચાણ રજીસ્ટર કરવાની જવાબદારી સફળ બીડર/ખરીદારની એકલાની રહેશે. ઉપર જણાવેલ મિલકત પર વેચાણ રજીસ્ટ્રેશનને લગતા સ્ટેમ્પ ડ્યુટી, રજીસ્ટ્રેશન ચાર્જિસ, ટ્રાન્સફર ચાર્જિસ અને કોઇપણ અન્ય ખર્ચા અને ચાર્જિસને લગતા તમામ ખર્ચ સફળ બીડર/ખરીદારે ભોગવવાના રહેશે. વેચાણ વહેલી તકે કરાવવું પડશે, નહીતર ખરીદારે રજીસ્ટ્રેશનના વિલંબના કારણો જણાવતો વિનંતી પત્ર આપવો પડશે.
૧૮. રસ ધરાવતા બીડર/ઓફરર પોતે, અથવા તેમના અધિકૃત પ્રતિનિધિ દ્વારા કોઇપણ વ્યક્તિને ઈ-હરાજી/વેચાણમાં ભાગ લેવાની પરવાનગી મળશે નહી. આવો અધિકૃતતા પત્ર બીડ દસ્તાવેજો સાથે જમા કરવો જરૂરી છે.
૧૯. ખાસ સુચના: ઈ-હરાજી સર્વિસ પ્રદાતા, મેસર્સ ઇન્વેન્ટન સોલ્યુશન્સ પ્રા. લી. દ્વારા ઇન્ડોસ્ટાર હોમ ફાયનાન્સ પ્રાઇવેટ લીમીટેડ (આઇએચએફપીએલ) વતી, પુર્વનિર્ધારીત તારીખે હાથ ધરવામાં આવશે, જ્યારે બીડરો ઉપરોક્ત રીઝર્વ કિંમતથી વધુ કિંમતે તેમની મરજી મુજબ તેમના ઘર/ઓફીસ/તેમની બીડના સ્થાનેથી વોટીંગ કરી શકે છે. ઇન્ટરનેટ કનેક્ટીવીટી અને અન્ય આવશ્યક જરૂરીયાતો અંગે બીડરો આપમેળે ખાતરી કરવાની રહેશે. નોંધ લેવી કે ઇન્ટરનેટ કનેક્ટીવીટીમાં નિષ્ફળતા (કોઇપણ કારણસર) બીડરોની એકલી જવાબદારી રહેશે અને આઇએચએફપીએલ અથવા ઇન્વેન્ટન આ અણધાર્યા સંજોગો માટે જવાબદાર ગણાશે નહી. આવા પ્રતિકુળ સંજોગોને ટાળવા માટે બીડરોને તમામ જરૂરી ગોઠવણો/વિકલ્પો, જે જરૂરી હોય તે કરી રાખવા વિનંતી છે, જેથી તેઓ આવા સંજોગોને ટાળવા તૈયાર રહે અને સફળતાપુર્વક ઇ-હરાજીમાં ભાગ લઇ શકે. આમ છતાં, બીડરોને આવા જટીલ સંજોગોને ટાળવા માટે તે/તેણીની બીડમાં ક્વોટ/સુધારો કરવા માટે છેલી ક્ષણ સુધી રાહ ન જોવા વિનંતી છે.
૨૦. આ અમારા પોર્ટલ https://www.indostarhfc.com/Auction-Notices ઉપર પ્રસિદ્ધ કરાયેલ છે.

**નોંધ:** નોંધ લેવી કે સિક્યોર્ડ લેણદાર તમામ દેવાદારો/સહ-દેવાદારો/ગીરવેદારોને સ્પીડ/રજીસ્ટર્ડ પોસ્ટ દ્વારા વેચાણ નોટીસ જારી કરવા જઇ રહ્યાં છે. કોઇપણ વ્યક્તિને તે ન મળવાના કિસ્સામાં, વેચાણ નોટીસની આ પ્રસિદ્ધિ બજવણીની વૈકલ્પીક રીત ગણવામાં આવશે.

**સ્થળ: સુરત**
**તારીખ : ૧૯/૦૫/૨૦૨૨**

**સહી/– અધિકૃત અધિકારી**
**ઇન્ડોસ્ટાર હોમ ફાયનાન્સ પ્રાઇવેટ લીમીટેડ**